# જય જિનેન્દ્ર

વૈચારિક જાગૃતિનું સંદેશવાહક માસિક

પૂજ્યપાદ મહાગુરુ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની ૭૮મી પુણ્યતિથિ અવસરે સ્મૃતિવંદના

વર્ષ ૧ : અંક ૪ ● સં. ૨૦૫૮, જેઠ વદ ૬ (બીજી), સોમવાર, તા. ૧ જુલાઈ, ૨૦૦૨


## શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી : કઈ રીતે મૂલવીશું?

### મહુડીના સ્થાપક તરીકે? ગ્રંથકાર તરીકે? લેખક તરીકે? કવિ તરીકે? ચમત્કારી અવધૂ તરીકે? કે પછી...

**લેખક : પૂજ્ય મુનિશ્રી મિત્રાનંદસાગરજી મહારાજ**

**પ્રાસંગિક**

કોઈ એમને શ્રીમદ્જી કહીને સંબોધે છે, કોઈ એમને મહુડીના સ્થાપક તરીકે ઓળખે છે, કોઈની નજરે એ અલખના અવધૂ છે, કોઈએ એમને ખાખી બંગાળી તરીકે નવાજ્યા છે, કોઈની દૃષ્ટિએ એઓ મહાન લેખક છે, કેટલાકની નજરે તેઓ ઊંચા ગજાના કવિ છે, કોઈ એમને ક્રાંતિકારી પણ કહેશે. કોઈ આ રીતે ઓળખશે, કોઈ તે રીતે ઓળખશે.

શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ એટલે વીતેલી સદીના એક મહાન પ્રભાવક જૈન આચાર્ય. વક્તા તરીકે તેમણે ગાયકવાડ નરેશને પોતાની તરફ આકર્ષ્યા, વિવેચક તરીકે તેમણે લોકમાન્ય તિલકને પ્રભાવિત કર્યા, કવિ તરીકે તેમણે નાનાલાલ જેવા ગૂર્જરગિરા અને ગૂર્જરધરાના મહાકવિને પોતીકા બનાવ્યા, સ્વાતંત્ર્યસંગ્રામમાં તેમણે ગાંધીજીનું ધ્યાન ખેંચ્યું. જૈન મુનિઓ સ્વાતંત્ર્યની ચળવળથી અલિપ્ત હતા એ સ્થિતિમાં તેમણે સ્વતંત્રતા માટે જે વિચારો રજૂ કર્યા તેનાથી સમાજને આંચકા લાગવા સ્વાભાવિક જ હતા!

હયાતીકાળમાં તેઓ સદા ચર્ચાના કેન્દ્રમાં રહ્યા. મહુડી તીર્થની સ્થાપના કર્યા પછી એમને જે વંટોળનો સામનો કરવો પડ્યો તેનાથી આજની પેઢી વાકેફ ન હોય એ સ્વાભાવિક છે. તે કાળના જૈન સમાજના લગભગ આચાર્યોએ અને મોભીઓએ શ્રીમદ્જીને ખૂબ સતાવ્યા. 'ઘંટાકર્ણ મિથ્યાત્વી છે અને તેના સ્થાપક મહામિથ્યાત્વી છે' એવી વાતો પણ જોરશોરથી થઈ! તેમની વિરુદ્ધમાં લેખો લખાયા, કાળા વાવટા ફરક્યા, ચોપડીઓ બહાર પડી, નનામી ગલીચ પત્રિકાઓ છપાઈ! સમ્યક્ત્વનો ઇજારો અને પરવાનો ધરાવનારા એ બધા જ આચાર્યોના શિષ્યો પછીથી ઘંટાકર્ણ મહાવીરનાં દર્શન કરીને ધન્ય બની ચૂક્યા છે એ જો કે જુદી વાત થઈ! એક પ્રખર વ્યાખ્યાનકાર મુનિવરે મહુડી તીર્થના કાર્યકરો પાસે પોતાની સંસ્થાના પ્રોજેક્ટ માટે રૂપિયા એક કરોડની માગણી મૂકી હતી! સિદ્ધાંતોની વાતો કરનારા પૈસાના પૂજારીઓને પણ ઘંટાકર્ણ મહાવીરની અ..ધ..ધ.. આવક જોઈને મોંમાં પાણી આવી ગયું! પોતાના ગુરુએ પૂજ્યપાદ શ્રીબુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની કરેલી હીલના અંગે પૂછવામાં આવ્યું ત્યારે એમણે કેવો 'યૂ ટર્ન' માર્યો ખબર છે? : 'અમે તો બોયાં ય નથી ને ચાયાં ય નથી!'

શાસન અને સંસ્કૃતિની રક્ષાના બણગા ફૂંકવાની છેલ્લાં કેટલાંક વરસોમાં એક ફેશન ચાલુ થઈ છે. ઉપાશ્રયના સલામત ખૂણામાં શાસન ઉપર આવતી આફતોની 'ચિંતા' કરવી એ જુદી જ બાબત છે અને સામી છાતીએ તેનો સામનો કરવો એ ખરેખર અલગ બાબત છે. શાસનની રક્ષા કેમ થાય તે શ્રીમદ્જી પાસેથી શીખવું પડે. શ્રીમદ્જી દીક્ષાજીવનનું પહેલું જ ચાતુર્માસ સૂરતમાં બિરાજમાન હતા અને સંઘ ઉપર મુશ્કેલી આવી. પૂજ્યપાદ શ્રીમોહનલાલજી મહારાજના પરિવારમાંથી ભાગી છૂટીને સંસારી બનીને ખ્રિસ્તીધર્મનો સ્વીકાર કરનારા જયમલે એક પુસ્તક બહાર પાડ્યું. પુસ્તકનું નામ? 'ખ્રિસ્તીધર્મ અને જૈનધર્મનો મુકાબલો!' પુસ્તકનો વિષય? પાને પાને જૈનધર્મની અવહેલના, આક્ષેપો અને અસભ્ય રજૂઆત! મૂર્ધન્ય જૈનાચાર્યોની પ્રતિક્રિયા? કાન ફાડી નાખે એવું મૌન!

શાસન ઉપર આફત આવે અને લોહી ગરમ ન થઈ જાય તો બુદ્ધિસાગર મહારાજનું નામ ફેરવી નાખવું પડે! એક જ દિવસમાં તેમણે વળતું પુસ્તક લખ્યું : 'જૈનધર્મ અને ખ્રિસ્તીધર્મનો મુકાબલો.' યાદ રહે : એ શ્રીમદ્જીના દીક્ષાજીવનનું પ્રથમ જ ચાતુર્માસ હતું. પૂજ્યપાદ શ્રીમોહનલાલજી મહારાજે આશીર્વાદ આપ્યા અને પુસ્તક પ્રકાશિત થયું. જયમલના પુસ્તકના એક એક મુદ્દાના કચકચાવીને જવાબ આપ્યા. શ્રીમદ્જી માત્ર પુસ્તક છપાવીને બેસી ન રહ્યા તેમણે જયમલને જાહેર ચેલેન્જ આપી : તું કહે ત્યાં જાહેરમાં વાદ-વિવાદ કરીએ! જે હારી જાય તે સૂરત છોડીને ભાગી જાય! વગર વાદ-વિવાદે જ જયમલ સૂરતમાંથી ઉચાળા ભરી ગયો, આજનો દાડો ને કાલની ઘડી!

શાસનરક્ષા તો લોહીમાં વણાઈને આવતી હોય છે. શાસનરક્ષા કરનારા વીરલાઓ એનાં નગારાં નથી વગાડતા. સદ્ગત ઇંદિરાજીએ કોઈ દિવસ 'આરપારની લડાઈ'ની બૂમો પાડી હતી? પણ બાંગલા દેશ વખતે શત્રુઓના દાંત કેવા ખાટા કરી નાખ્યા હતા! નોખી માટીના માણસો કામ કરી દેખાડતા હોય છે. 'કાં તો મારી વિજયયાત્રા નીકળશે અને કાં તો મારી સ્મશાનયાત્રા નીકળશે' એવા બણગા ફૂંકવાના નથી હોતા. બણગા ફૂંકનારાઓની ન તો વિજયયાત્રા પણ નીકળે છે અને ન તો સ્મશાનયાત્રા પણ નીકળે છે! શ્રીમદ્જીએ ઘંટાકર્ણ મહાવીરની સ્થાપના કરી તેની પાછળ ભારોભાર શાસનરક્ષાની ધગશ હતી. લોકો પોતાની મુશ્કેલીઓ દૂર કરવા ઉત્તર ગુજરાતના એક વિધર્મી સ્થાનમાં જતા. એમાં સમ્યક્ત્વના ઝંડાધારીઓના ભક્તો પણ ખરા. તકલીફ દૂર કરવા ત્યાં ગયેલાને મુજાવર સાંકળોથી બાંધે અને જાત જાતની વિધિઓ કરે. બહેન દીકરીઓની સાથે તો શું શું થતું એ લખવાની આ જગ્યા નથી. ગરજવાનને અક્કલ ન હોય. વળી ત્યાં ગયા પછી કયા મોઢે કોઈ પોતાની સાથે થયેલ ખેલની વાત કરે! તેરી ભી ચુપ, મેરી ભી ચુપ!

શ્રીમદ્જી માટે આ અસહ્ય હતું. તેમણે મનોમન ગાંઠ વાળી : આ ચુંગાલમાંથી જૈનોને (અને ઇવન હિંદુઓને પણ) છોડાવવા પડશે. બહેન દીકરીઓના અબોલ પોકારોએ મહુડી તીર્થની પૃષ્ઠભૂમિકા તૈયાર કરી આપી. લેખક, ચિંતક, વિચારક, કવિ, સાહિત્યસર્જક અને વક્તા એવા શ્રીમદ્જીનું સાધનાનું છાનું પાસું પણ આ સાથે જ બહાર આવ્યું. લોકોને મિથ્યાત્વીઓની જગ્યાએ જતા બંધ કરવા માટે તીર્થનું પ્રવર્તન કરનારા શ્રીમદ્જીને જ અબૂધ લોકોએ 'મિથ્યાત્વી'નું લેબલ મારી આપ્યું! આમેય પ્રવર્તક પરમહંસોને તો ગાળો જ ખાવાની હોય છે. સમકાલીન પેઢીમાં જેનું અવમૂલ્યાંકન થાય તેનું સાચું મૂલ્યાંકન તો આવનારી પેઢીમાં જ થતું હોય છે.

અનુસંધાન ત્રીજા પાને

# આજ મારા અંતરમનમાં મોતીડે મેહ વરસ્યા રે...

## શ્રીમદ્જીનો આંતરવૈભવ

*કૃપાળુ ગુરુદેવ શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજશ્રીનાં વિવિધ પુસ્તકોમાંથી સંકલન અને સંપાદન : પૂજ્ય મુનિ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજ*

જગતને ઉત્તમ બનાવવું હોય તો સુવિચારોનો ફેલાવો કરવો જોઈએ. સુવિચારોનો પ્રવાહ મેઘની પેઠે જગતમાં જ્યાં જ્યાં પૂરજોશમાં ફેલાશે ત્યાં ત્યાં સદાચાર રૂપી અંકુરો ફૂટી નીકળશે.

●

વાણીના ચાતુર્યથી પોતાની શ્રેષ્ઠતા જણાવવી એ પોતાના આત્માને જ છેતરવાનું કાર્ય છે. જેનાથી પોતાનો આત્મા છેતરી શકાય છે તેનાથી બીજા જીવોને પણ કેમ ન છેતરી શકાય?

●

શરીરમાં રહેલા આત્મા વિના અન્ય વસ્તુ ખરેખર પ્રિય નથી. આથી પ્રિય એવા આત્મામાં રમશો તો આનંદનો અનુભવ થશે.

ધર્મના કાર્યમાં આત્મભોગ આપવો એ પણ એક જાતનો ત્યાગ છે.

સ્વાર્થ, મમત્વ, દ્વેષાદિનો ત્યાગ કરવાથી અને સર્વ વસ્તુઓને ત્યાગીને ત્યાગી થવાથી આત્માનું સહજ સુખ પ્રાપ્ત કરી શકાય છે.

> *સદ્‌ઉપદેશનાં સરોવર બંધાવો, દયાના મેઘ વરસાવો, સત્યનો સૂર્ય ઊગાડો, શાંતિનો ચંદ્ર ઊગાડો, સદ્‌ગુણોનું ઉપવન ખીલવો, તમારા શાશ્વત જીવનની પવિત્રતાને પૂજો અને તમારા શાશ્વત જીવનના આનંદમાં મસ્ત બનો.*

નૈતિક યમના સિદ્ધાંતોને સ્વીકાર્યા વિના દુનિયાની પ્રજાઓને શાંતિ મળવાની નથી, તેમજ નૈતિક ગુણો મેળવ્યા વિના માથું મુંડાવીને સાધુ થયેલાઓને તેમજ ધર્માચાર્યોને પણ પ્રભુત્વ મળવાનું નથી.

આત્માના પરિપૂર્ણ ગુણો ખીલવવામાં દરેક મનુષ્ય વિદ્યાર્થી જ છે.

●

પોતાના આત્માની પેઠે સર્વ આત્માઓને માનો અને તેમની ભક્તિ કરો. સર્વ આત્માઓને આરાધો, તેમના સેવક બનો, મિત્ર બનો, તેમને ખરા સુખથી જાગ્રત કરો, પોતે જાગ્રત થઈને અન્યને જાગ્રત કરો.

●

દેહ અને દશ્ય પદાર્થોમાં 'હું' એવી સ્પુરણા ઊઠે છે, તેમાંથી 'હું'ની વૃત્તિ કાઢી નાખવાથી આત્માની શુદ્ધતાનો અનુભવ થાય છે.

●

નિંદા અને ઈર્ષ્યાનો ત્યાગ કરવો મુશ્કેલ છે.

## શ્રીમદ્જીનું તત્ત્વદર્શન

- હે જગતના મનુષ્યો! તમે ગમે તે ધર્મ પાળતા હો તો પણ એટલું જણાવવાનું છે કે સર્વ જીવો ઉપર દયા, આત્મપ્રેમ, મૈત્રીભાવના, પ્રમોદભાવના તેમજ સર્વ જીવોનું ભલું કરવાની બુદ્ધિ ઇત્યાદિ સદ્‌ગુણોને પહેલાં ધારણ કરીને ધર્મમાર્ગાનુસારી થવા પ્રયત્ન કરજો.

## શ્રીમદ્જીનું જીવનદર્શન

- આત્મા શસ્ત્રોથી મુક્ત થતો નથી પરંતુ આત્મજ્ઞાનથી મુક્ત થાય છે.
- ક્રોધી મનુષ્યો ક્રોધ વડે અશુભ વિચારોનું વાતાવરણ જગતમાં ફેલાવીને હિંસક બને છે.
- હે ચેતન, તું ઉત્તમ સદ્‌ગુણોને પ્રકાશ કરવા રોજેરોજ પુરુષાર્થ કર.

## ત્યાગ : શ્રીમદ્જીની નજરે...

*જગતમાં ઉત્તમોત્તમ ગુણ ત્યાગ છે પણ ત્યાગનો ખરો અર્થ જાણવા પ્રયત્ન કરવો જોઈએ.*

*કેટલીક વસ્તુઓ અન્ય જીવોના ભલા માટે દાનાર્થે ત્યાગવાની હોય છે, જ્યારે કેટલીક વસ્તુઓ પોતાનું અને પારકાનું અશુભ કરનારી છે એમ જાણીને તેને ત્યાગવાની છે.*

❑ ❑ ❑

**મુશ્કેલ કાર્ય**

ધન પ્રાપ્ત કરી શકાય, કીર્તિ મેળવી શકાય, સત્તા મેળવી શકાય, પણ ગુણોને મેળવવા એ કાર્ય ધાર્યા કરતાં ઘણું મુશ્કેલ છે.

**વિચાર અને આચાર**

વિચારમાં તો લાખગણું આવી શકે, પરંતુ આચારમાં તો એકગણું પણ આવે તો જ ધન્યવાદ કહી શકાય.

**ગુણગ્રાહિતા**

મનુષ્યમાં જે કંઈ સારૂં દેખાય છે તે ગ્રહણ કરો અને સારા બનો. સારા બનવા માટે માત્ર શુભ દૃષ્ટિ ખીલવવાની જરૂર રહે છે.

## શ્રીમદ્જીની કાવ્યપ્રસાદી

*વેદ પઢો આગમ પઢો રે,*
*ગીતા પઢો કુરાન;*
*સમતા વિણ શોભા નહીં રે,*
*સમજો ચતુર સુજાણ...*

●

*વિશાલ દૃષ્ટિ રાખતો રે,*
*ગંભીર મનનો ઉદાર;*
*અનુભવ પામે આત્મનો રે,*
*કરે નહીં સંસાર...*

●

*દેખે અજ્ઞાની બાહિર,*
*અંતર દેખે જ્ઞાની;*
*જ્ઞાનીના પરિણામની,*
*સાક્ષી કેવલજ્ઞાની...*

**અનુસંધાન પૃષ્ઠ ૧નું ચાલુ**

શ્રીમદ્‌જીએ ઊપાડેલા અભિયાનથી લોકો ઉત્તર ગુજરાતના એ સ્થાન સહિત અન્ય કેટલાંયે એવાં સ્થાનોમાં જતા બંધ થયા. કેટલીયે અબળાઓના ચારિત્રને એ આર્ષદ્રષ્ટા મહાપુરુષે આબાદ રીતે ઉગારી લીધું. 'જ્યાં ચમત્કાર ત્યાં નમસ્કાર' એવી રૂઢ ગ્રંથિઓમાંથી લોકોને મુક્ત કરીને 'જ્યાં નમસ્કાર ત્યાં ચમત્કાર' એવું શિક્ષણ અનાયાસે જ આપી દીધું. આજે તો સ્થિતિ એવી છે કે જૈનોના સર્વે ફિરકાઓના ૯૮ ટકા જૈનો મહુડીમાં અનન્ય આસ્થા રાખે છે. શ્રીમદ્‌જીની દીર્ઘદષ્ટિએ છાની છપની કરી દીધેલી આ શાસનરક્ષા છે!

શ્રીમદ્‌જીના જીવનના એક એક પાસામાં ભારોભાર શાસનસેવા, સમાજની સર્વાંગીણ ઉન્નતિ, જૈનોમાં વીરત્વ પ્રગટાવવાની ભાવના, સાહિત્યની અવિહડ પ્રીતિ, ધર્મમાંથી દૂષણો નાબૂદ કરવાની ખેવના અને જગતમાં સાચી શાંતિના પ્રસારણની ઝંખનાનાં દર્શન થાય છે.

મહાન માણસો ચીલો પાડે છે અને પછીના લોકો તેને અનુસરે છે. શ્રીમદ્‌જીએ પાડેલા કેટલાયે નવા ચીલા પછીની પેઢીએ અપનાવી લીધા છે એની યાદી કરીએ તો આ અંક ઘણો નાનો પડે.

સંવત્સરીનું પ્રતિક્રમણ વહેલું શરૂ કરીને વહેલું પૂરું કરવું એ શ્રીમદ્‌જીએ પાડેલી પ્રથા છે એવું આજની પેઢીને કહીએ તો તેને નવાઈ લાગ્યા વિના ન રહે! ઉપાશ્રયની ચાર દિવાલો વચ્ચે તો વ્યાખ્યાનો થાય જ અને એના એ શ્રોતાઓ હા-જી-હા કરે એ વાત જૂની થઈ ગઈ. શ્રીમદ્‌જીએ જાહેર ચોકમાં જૈન મુનિઓ વ્યાખ્યાન કરે અને ભગવાન મહાવીરનો સંદેશો જન જનના મન મન સુધી પહોંચાડે એ એમનું કર્તવ્ય છે એવો લલકાર કર્યો! એમણે પોતે શાળાઓમાં, કોલેજોમાં અને ખુલ્લાં મેદાનોમાં પ્રવચનો કર્યાં ત્યારે પણ રૂઢિવાદીઓને એ નહોતું ગમ્યું! એમની પછીની પેઢીના લગભગ મુનિવરો જાહેરમાં વ્યાખ્યાનો કરવામાં પોતાનું ગૌરવ સમજે છે! કાશ તેઓ શ્રીમદ્‌જીનો આભાર તો માને! જૈનોનાં બાળકો માટે ગુરુકુળો હોવાં જોઈએ એવી વાત પહેલી વાર કરનાર કોઈ જૈન મુનિ તે શ્રીમદ્‌જી! બોર્ડિંગોનું નામ સાંભળીને ભડકી જતા તે કાળના સંકુચિત દષ્ટિના અને આવનારા સમયને ન ઓળખી શકનારા મુનિવરો આજે હયાત હોય તો? તો તેઓ તેમના પોતાના જ શિષ્યોએ સ્થાપેલી વિવિધ શિક્ષણસંસ્થાઓ જોઈને શું 'ફીલ' કરે? એ શિક્ષણસંસ્થાને તમે બોર્ડિંગ કહો, વિદ્યાધામ કહો, ગુરુકુળ કહો કે તપોવન કહો. વાત એકની એક જ છે. રોટલીને ચપાતી કહેવાથી તે રોટલી મટી જતી નથી.

આશ્ચર્ય તો એ છે કે શ્રીમદ્‌જીનું કુલ જીવન માત્ર બે જ પચ્ચીસીનું. એમાંય દીક્ષાજીવન તો માત્ર એક પચ્ચીસીનું! છતાં કેવાં કેવાં ભગીરથ કાર્યો કર્યાં? ૧૪૦ પુસ્તકોનું સર્જન કર્યું, જેમાંનાં ૧૨૫ પુસ્તકો તો એમના જીવનકાળમાં જ પ્રગટ થઈ ગયાં. એ પુસ્તકો પણ કેવાં? તત્ત્વજ્ઞાન, યોગવિદ્યા, ચિંતન, સમાજ જાગરણ, ઇતિહાસ જેવા ગંભીર વિષયોને લગતાં. એકની એક વાતનું પિષ્ટપેષણ કરીને થોડા થોડા ફેરફારો સાથે નવા નામે પુસ્તકો પ્રકાશિત કરવાં એ શ્રીમદ્‌જીના લોહીમાં ક્યાંય ન મળે.

એમણે શિષ્યો માટે શિષ્યોપનિષદ લખ્યું, તો જૈનો માટે જૈનોપનિષદ પણ લખ્યું. એમણે મહાવીરગીતા પણ લખી અને કૃષ્ણગીતા (ચોંકી ગયા?) પણ લખી. 'જૈનધર્મની પ્રાચીન અને અર્વાચીન સ્થિતિ' નામના પોણા બસ્સો પાનાંના પુસ્તકમાં એમણે જે વેદના ઠાલવી છે એ એમની શાસન માટેની ધગશનો સબળ નમૂનો છે. તત્ત્વપરીક્ષા, તત્ત્વવિચાર, તત્ત્વજ્ઞાન દીપિકા, ષડ્‌દ્રવ્ય વિચાર જેવા ભારેખમ નામ ધરાવતા તાત્ત્વિક ગ્રંથોય લખ્યા અને સુદર્શનાસુબોધ, શ્રેણિકસુબોધ જેવા હળવાફૂલ ગ્રંથોય લખ્યા. કાવ્યો અને ભજનો પણ લખ્યાં અને પૂજાઓનું પણ સર્જન કર્યું. એમની ઇતિહાસપ્રીતિ દર્શાવનારાં આ પુસ્તકો જુઓ : વિજાપુર વૃત્તાંત (બૃહદ્), વિજાપુર વૃત્તાંત (લઘુ), જૈન ધાતુપ્રતિમા લેખ સંગ્રહ (ત્રણ ભાગમાં), જૈન ધર્મમાં મૂર્તિપૂજા, જૈન ઐતિહાસિક રાસમાળા વગેરે.

જૈન ગીતા, સંઘપ્રગતિ મહામંત્ર, સાબરમતી ગુણ શિક્ષણકાવ્ય, પ્રજાસમાજ કર્તવ્ય, ભારત સહકાર શિક્ષણકાવ્ય વગેરે ગ્રંથો સમાજ અને સંઘ પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અને નિષ્ઠાનો સંદેશ આપે છે. પત્ર સદુપદેશના અનેક ભાગોમાં એમણે પોતે સમાજના વિવિધ વર્ગના લોકોને લખેલા પત્રો પ્રકાશિત કર્યા છે, જે એમના મનમાં ચાલતા વિચારોનાં પ્રતિબિંબ જેવા છે. કોઈ સાધુ જે કરવાની હિંમત ન કરે તે કાર્ય એમણે કર્યું હતું. એ કાર્ય તે અંગત ડાયરી લખવાનું કામ! વ્યક્તિનો સાચો પરિચય તેની અંગત ડાયરીઓમાંથી મળી રહે છે. શ્રીમદ્‌જીનું મનોમંથન તેમની અંગત ડાયરીઓમાં અત્ર તત્ર વિખરાયેલું પડ્યું છે.

કોઈ પણ મહાપુરુષના જીવનનાં વિવિધ પાસાં હોય છે. એમાંથી કોઈને આ પાસું ગમે તો કોઈને પેલું પાસું ગમે. કોઈ કવિતાપ્રેમી હોય છે, કોઈ સાહિત્યપ્રેમી હોય છે, કોઈ વિચારપ્રેમી હોય છે, કોઈ આચારપ્રેમી હોય છે. મારે પોતાને જો શ્રીમદ્‌જી અંગે કોઈ મૂલવણી કરવાની હોય તો હું તેમને એક સમર્થ લેખક, કુશળ વક્તા, તીર્થપ્રવર્તક, કવિ, ગ્રંથકાર, સાહિત્યકાર કે સમાજસુધારક તરીકે નહીં પણ એક વિચારક તરીકે મૂલવવા માગું છું. મારી નજરે એમનું જે ઉજ્જવળ પાસું છે તે છે એમનો વિચારવૈભવ. એમણે જે ચિનગારીઓ આપી છે તે પ્રકાશની પગદંડી બની જનાર જ્યોતિ છે. જરૂરત છે માત્ર તેનો ઉપયોગ કરવાની.

સમાજ પ્રત્યેની પ્રતિબદ્ધતાના વિચારોની ઝલકમાંથી તેમનો માત્ર એક જ વિચાર અહીં રજૂ કરીશ :

*''ગરીબ લોકોના ભલા માટે જડ લક્ષ્મીનો વ્યય કરતાં જો હૃદય અચકાતું હોય તો જાણવું કે આપણો આત્મા ખરેખર જડ વસ્તુ કરતાં આત્માની અનંતગણી ઉત્તમતા સમજવા લાયક બન્યો નથી.''*

મહાપુરુષોની સ્મૃતિઓ સાથે સંકળાયેલી તિથિઓ ખરેખર તો કોરાં ગુણગાન કરવાનું નિમિત્ત નહીં પણ આત્મનિરીક્ષણ માટેનો એક અવસર બની રહેવી જોઈએ.

❑

## *ધર્મની દિશા*

*''જે જે ધર્મવાળાઓએ ધર્માંધ થઈને અન્યધર્મીઓ ઉપર બંદૂકો, તોપો અને તલવારો ચલાવી છે તે તે ધર્મવાળાઓએ ધર્મની ખરી દિશાને ઓળખી નથી.''*

## *શોભા શેમાં?*

*''ભાષા કરતાં આંતરિક સદ્‌ગુણોની સ્ફુરણાઓ જીવનને વિશેષપણે શોભાવી શકે છે. ગુણોના લાલિત્ય આગળ ભાષાનું લાલિત્ય કોઈ હિસાબમાં નથી.''*

## બબલુજી

પ્રિય બાળદોસ્તો,

ગયા મે માસના અંકમાં તમને એક ઇનામી કોયડો પૂછવામાં આવ્યો હતો. એ કોયડાનો સાચો જવાબ એક પણ બાળક તરફથી આવેલ નથી.

સાચો જવાબ આ પ્રમાણે છે : કોયડામાં આપેલી આકૃતિઓમાંથી 'ગોળ' આકૃતિ (રાઉન્ડ) બિનજરૂરી છે. કારણ કે બાકીની બધી જ આકૃતિઓને કોઈને કોઈ 'બાજુ' અથવા ખૂણો છે. જ્યારે ગોળ આકૃતિને કોઈ પણ ખૂણો કે 'બાજુ' નથી.

ઘણા બાળદોસ્તોના ઉત્તરો અમને મળ્યા છે, પરંતુ સાચો જવાબ એક પણ ન હોવાથી અહીં તેમનાં નામો રજૂ કર્યાં નથી.

નવસર્જન

# કૃષ્ણગિરિ ખાતે બનશે ભારતનું સૌથી વિરાટ જિનાલય

કૃષ્ણગિરિ (તામિલનાડુ) ખાતે ૫૦ એકરના વિશાળ ભૂખંડમાં એક અભિનવ જૈન તીર્થ આકાર લઈ રહ્યું છે. કલિકાલમાં પરમ પ્રભાવી શ્રી પાર્શ્વનાથ ભગવાન જેમાં મૂળનાયક તરીકે બિરાજમાન થવાના છે તે વિરાટ જિનાલય ભારતભરમાં ઊંચાઈ અને વિશાળતાની દૃષ્ટિએ સૌથી મોટું હશે એમ 'શ્રી પાર્શ્વ પદ્માવતી શક્તિપીઠ'ના પ્રણેતા અને સંસ્થાના સ્થાપક શ્રી વસંત ગુરુજીએ 'જય જિનેન્દ્ર'ને જણાવ્યું હતું.

આ સ્થળ ઐતિહાસિક દૃષ્ટિએ પણ ઘણું મહત્ત્વ ધરાવે છે. શ્રુતકેવલી ભગવાન ભદ્રબાહુ સ્વામીએ આ પ્રદેશમાં ઘણા વિહારો કર્યાનાં પ્રમાણો ઉપલબ્ધ થયાં છે. આ ક્ષેત્રમાં ખોદકામ કરતાં અનેક સ્થળે અનેક પ્રાચીન જિનપ્રતિમાઓના ખંડિત અવશેષો મળી આવે છે. અહીંથી નજીકના પ્રદેશોમાં એક કાળે જૈન ધર્મ તેની ચરમ સીમા ઉપર બિરાજમાન હતો. જિનકાંચી, તીરૂમાલા વગેરે પ્રદેશો તો દક્ષિણભારતમાં જૈન ધર્મની રાજધાની સમાન હતા તેવાં પ્રમાણો ઇતિહાસમાં ડગલે ને પગલે મળી આવે છે.

ભારતભરમાં સૌથી મોટી એવી ૧૮ ફીટ ઊંચી શ્રી પાર્શ્વનાથ ભગવાનની પ્રતિમા સ્થાપિત કરવાનું સંચાલકોનું સ્વપ્ન છે. ઉપરાંત ધરણેન્દ્ર પદ્માવતીની પણ ૯ ફીટ ઊંચી મૂર્તિઓ અહીં બિરાજમાન કરવામાં આવશે.

એક અદ્‌ભુત વિશેષતારૂપે અહીં બાર રાશિઓ અનુસાર બાર જિનાલયો પણ સ્થાપવામાં આવશે. એક અન્ય વિશેષતારૂપે ચોવીસે તીર્થંકર ભગવંતોના જ્ઞાનવૃક્ષો સહિત સ્વતંત્ર જિનમંદિરોનું નિર્માણ પણ કરવામાં આવશે. આ ઉપરાંત જ્ઞાનશાળા, સ્વાધ્યાય મંદિર, નમસ્કાર મહામંત્ર આરાધના મંદિર, જીવદયામંદિર, શિક્ષણકેન્દ્ર, વિશાળ સભાગૃહ, યાત્રિકગૃહ, ભોજનાલય વગેરે સ્થાપત્યો પણ અહીં સ્થાપવામાં આવનાર છે.

શ્રી પાર્શ્વનાથ ભગવાનના મહિમાથી જૈન અજૈન વર્ગમાં આબાલવૃદ્ધ સૌ કોઈ માહિતગાર છે. અને ભગવતી પદ્માવતી માતાના પરચાઓ અને ચમત્કારોથી તો લાખો લોકો માહિતગાર છે. લાખો લોકો પોતાના જીવનમાં ભગવતી માતાની કૃપાનો અનુભવ કરી ચૂક્યા છે.

ગુજરાત પ્રદેશમાં તો શ્રી પાર્શ્વનાથ, પદ્માવતીનાં અનેક મંદિરો છે જ. પરંતુ દક્ષિણ ભારત જેવા દૂર સુદૂરના પ્રદેશોમાં પણ હવે આવાં મંદિરો બનવા લાગ્યાં છે એ ભગવાન પાર્શ્વનાથ અને ભગવતી પદ્માવતી પ્રત્યે વધતી જતી આસ્થા અને ભક્તિભાવનાનું જ પ્રતીક છે.

કૃષ્ણગિરિ ખાતે આકાર લઈ રહેલું આ અભિનવ તીર્થ પણ ભાવિકોના આત્મકલ્યાણમાં નિમિત્તરૂપ બની રહેશે એ નક્કી છે.

**આ તીર્થના નિર્માણમાં પોતાનો અનન્ય સહયોગ આપવા ઇચ્છતા અને વિશેષ માહિતી મેળવવા ઇચ્છતા પુણ્યવાનો નીચેના સરનામે સંપર્ક સાધી શકે છે :**

Shri Parshwa Padmavati Seva Trust, Shri Parshwa Padmavati Shaktipith
99, Old sub jail road, Krishnagiri 635001 (Tamilnadu)
Phone : (04343) 30301/35360. Mobile :098427 29255

## ચર્ચામંચ

પ્રિય વાચક મિત્રો,

**'શું જૈનો ધાર્મિક લઘુમતી છે? હા કે ના'** એ પ્રશ્ન ગયા અંકોમાં આપની સામે રજૂ કર્યો હતો. વાચકો તરફથી અગણિત પ્રતિભાવો આવ્યા છે. વાચકો તરફથી આવા અકલ્પ્ય પ્રતિભાવો મળશે એ વાત અમારા માટે અણધારી પૂરવાર થઈ છે. તદ્દન નવું અને હજી 'પા પા પગલી' માંડી રહેલું આપણું સૌનું માસિક 'જય જિનેન્દ્ર' જૈન સમાજના પાયાના પ્રશ્નોમાં રસ લઈ રહ્યું છે અને સાચી દિશા તરફ આગળ વધી રહ્યું છે એનો આ બોલતો પૂરાવો છે. ચીલાચાલુ જૈન પત્રો કરતાં 'જય જિનેન્દ્ર' પોતાની આગવી ભાત ઉપસાવી રહ્યું છે એ અત્યંત આનંદનો વિષય બની રહે છે.

આ અંક પૂજ્યપાદ વિશ્વવિખ્યાત જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની સ્મૃતિને અર્પણ કર્યો હોવાથી આવતા અંકમાં અમે ઉપરોક્ત પ્રશ્ન અંગે વાચકોના પ્રતિભાવો રજૂ કરીશું.

## ઘટમાળ

- ★ **પૂજ્યપાદ** પરમ ઉપકારી કલિકાલકલ્પતરુ આ કાળમાં અજોડ ચારિત્રના આરાધક સ્વ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મહારાજાની પુણ્યતિથિના પાવન પ્રસંગને પામીને તેઓશ્રીના પ્રશિષ્યરત્ન પૂજ્ય વિદ્વાન મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજની નિશ્રામાં ૬૮ નિહારિકા બંગલોઝ ખાતે ગત જેઠ સુદ બીજના ભગવતી પદ્માવતીના પૂજન હવન વગેરેનું આયોજન કરવામાં આવ્યું હતું.
- ★ **એકસો** ચાલીસ અમર ગ્રંથોના અમર પ્રણેતા, આર્ષદ્રષ્ટા, પરમ પૂજ્ય વિશ્વવિખ્યાત જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજની ૭૮મી પુણ્યતિથિ નિમિત્તે જેઠ વદ ત્રીજના દિવસે મુંબઈ, અમદાવાદ સહિત ભારતભરનાં મોટાં શહેરોમાં ગુણાનુવાદસભાઓનું આયોજન, પૂજનો, પૂજાઓ, અંગરચનાઓ, ધાર્મિક હરિફાઈઓ વગેરે કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. પૂજ્યશ્રીના પરિવારના આચાર્યાદિ મુનિવરો ઉપરાંત ગામેગામ બિરાજમાન અન્ય સમુદાયના પૂજનીય આચાર્યાદિ મુનિવરોની નિશ્રામાં પણ ગુણાનુવાદ સભાઓનું આયોજન થયાના હેવાલો મળ્યા છે. સ્વર્ગસ્થ આચાર્યશ્રીના સ્વર્ગવાસને આઠ દાયકા થવા આવ્યા છતાં તેમના ગુણોની સુવાસ એવી ને એવી તાજી હોવાનું અનેક ગુણાનુરાગી પૂજ્ય આચાર્યાદિ મુનિવરોએ પોતાનાં પ્રવચનોમાં કહ્યું હતું.

### પૂજ્યશ્રીનું ચાતુર્માસ

પૂજ્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજશ્રી ચાતુર્માસાર્થે આંબાવાડી ખાતે સ્થિરતા કરશે. પૂજ્યશ્રીનું સરનામું આ પ્રમાણે છે :
**૬૮ નિહારિકા બંગલોઝ, આઝાદ સોસાયટી પાસે, હિંમતલાલ પાર્ક સામે, આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫**

જય જિનેન્દ્રનું વાર્ષિક લવાજમ ભરો અને જીતો દસ ગ્રામ સોનું...
કેવી રીતે? સંપૂર્ણ વિગતો માટે જુઓ આગામી ઓગસ્ટ માસનો અંક

'જય જિનેન્દ્ર' કાર્યાલય દ્વારા ૬૮ નિહારિકા બંગલોઝ, આઝાદ સોસાયટી પાસે, આંબાવાડી, અમદાવાદથી પ્રકાશિત. સંપાદક : નિર્વેદ આચાર્ય.
Email : jayjinendra@jainshasan.com